શિક્ષણનો અધિકાર

સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે


# ગુજરાત પ્રારંભિક શિક્ષણ પરિષદ

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટરની કચેરી
સમગ્ર શિક્ષા, સેક્ટર-૧૭
ગાંધીનગર - ૩૮૨૦૧૭
E-mail : stpguj@gmail.com
Toll Free No.1800-233-7965


ક્રમાંકઃ એસ.એસ.એ./વી.ઇ./૨૦૨૦/ ૫૩૭૫ – ૫૪૪૯ તા.૨૯.01.2020

પ્રતિ,

(૧) જિલ્લા પ્રોજેક્ટ કો.ઓર્ડિનેટર
અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
સર્વ શિક્ષા અભિયાન,
જિલ્લા શિક્ષણ સમિતિ, જિ.તમામ

(૨) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી,
જિલ્લા - તમામ

**વિષયઃ ગુજરાત કેરીયર પોર્ટલ બાબત.**

**સંદર્ભઃ યુનિસેફ ગુજરાતનો ઇ-મેઇલ**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અને સંદર્ભ અન્વયે જણાવવાનું કે સમગ્ર શિક્ષા અને યુનિસેફ ગુજરાતના સહયોગથી ગુજરાત રાજયની સરકારી અનુદાનિત શાળાઓના ધો-૯ થી ૧૨ ના વિદ્યાર્થીઓને કારકીર્દી અંતર્ગત જુદા-જુદા વ્યવસાયિક અભ્યાસક્રમો, તેમાટેની રાજયની જુદી-જુદી સંસ્થાઓ, અભ્યાસની લાયકાતો , આવતી નવીન ભરતીની જાહેરાતો, ઉપલબ્ધ સ્કોલરશીપ, ઉપલબ્ધ સંસ્થાઓમાં આવતી ભરતી-જાહેરાતની વિગતો સાથે ગુજરાતી, હિન્દી અને અંગ્રેજી આ ત્રણેય ભાષાઓમાં તમામ માહિતી ઉપલબ્ધ છે.

www.gujaratcareerportal.com આ પોર્ટલ ઉપર ધો – ૯ થી ૧૨ ની સરકારી અને અનુદાનિત શાળાના કોઇપણ વિદ્યાર્થી પોતાના ૧૬ અંકના યુનિક ચાઇલ્ડ આઇ.ડી. નંબર અને ૧૨૩૪૫૬ પાસવર્ડના માધ્યમથી આ પોર્ટલ પર લોગીન થઇ કારકીર્દી અંતર્ગત માર્ગદર્શન અનેઉપલબ્ધ વ્યવસાયો અને તકોની જાણકારી મેળવી શકશે. આ બાબતે ધો – ૯ થી ૧૨ થી તમામ સરકારી અને અનુદાનિત શાળાઓને આપશ્રીની કક્ષાએથી જાણ કરશો તેમજ સોશિયલ મિડીયાના માધ્યમથી પણ આ પોર્ટલ નો પ્રચાર –પ્રસાર કરશો.

જા.નં – 1567
તારીખ – 1/02/20

પ્રતિ
આચાર્યશ્રી
જિલ્લાની તમામ સરકારી અનુદાનિત મા. ઉ.મા.શાળાઓ,
તરફ જાણ તથા અમલ સારુ --

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત જિલ્લો, સુરત